Janmabhoomi Pg 02, 04th Jan 2021

# દેશમાં ક્રીપ્ટો કરન્સીના વૈશ્વિક ઇન્ડેક્સ 'આઇસી૧૫'નો પ્રારંભ

મુંબઈ, તા. ૩ : ક્રીપ્ટો કરન્સી અને બ્લૉકચેઇન ક્ષેત્રે જ્ઞાનનો પ્રસાર કરવાના ઉદ્દેશ્યથી 'ક્રીપ્ટોવાયર' ગ્લોબલ સુપર ઍપ દ્વારા ભારતમાં ક્રીપ્ટો કરન્સીના પ્રથમ વૈશ્વિક ઇન્ડેક્સ - 'આઇસી૧૫'નો સોમવારથી પ્રારંભ કરવામાં આવ્યો છે.

ટિકરપ્લાન્ટના સ્પેશિયલ બિઝનેસ યુનિટ - 'ક્રીપ્ટોવાયર'નો આ ઇન્ડેક્સ ક્રીપ્ટો કરન્સી માર્કેટને આવરી લેનારો નિયમ આધારિત વ્યાપક ઇન્ડેક્સ છે, જેમાં વિશ્વનાં અગ્રણી ક્રીપ્ટો કરન્સી એક્સ્ચેન્જીસ પર લિસ્ટેડ ક્રીપ્ટો કરન્સીની કામગીરીનું પ્રતિબિંબ ઝીલવામાં આવે છે. એક્સ્ચેન્જીસ પરની સૌથી વધુ પ્રવાહિતા ધરાવતી ટોચની પંદર ક્રીપ્ટો કરન્સીની કામગીરીને એમાં ટ્રેક કરવામાં આવે છે.

ક્રીપ્ટોવાયરની અખબારી યાદી મુજબ આઇસી૧૫ ઇન્ડેક્સ આ માર્કેટની હિલચાલના ૮૦ ટકા કરતાં વધુ હિસ્સાનું પ્રતિબિંબ પાડે છે અને તેથી જ ફંડામેન્ટલ માર્કેટને ટ્રેક કરવામાં વધુ અસરકારક બને છે.

આઇસી૧૫ ઇન્ડેક્સનું આધારભૂત મૂલ્ય ૧૦,૦૦૦ અને એની આધારભૂત તારીખ ૧ એપ્રિલ, ૨૦૧૮ રાખવામાં આવ્યાં છે.

આઇસી૧૫માં હાલ બિટકોઇન, ઇથીરિયમ, બિનાન્સ કોઇન, સોલાના, કાર્ડાનો, એક્સઆરપી, ટેરા, ઍવલાંશ, પોલ્કાડોટ, ડોજીકોઇન, શિબા ઇનુ, યુનિસ્વૉપ, લાઇટકોઇન, ચેઇનલિંક અને બિટકોઇન કેશ એ પંદર ક્રીપ્ટો કરન્સીને આવરી લેવામાં આવી છે.

ક્રીપ્ટોવાયરના મૅનેજિંગ ડિરેક્ટર અને સીઈઓ જિગીશ સોનગરાએ કહ્યું છે, 'ભારતના પ્રથમ ક્રીપ્ટો ઇન્ડેક્સ - આઇસી૧૫ના લૉન્ચિંગ દ્વારા અમે ક્રીપ્ટો અને બ્લૉકચેઇન પરિતંત્રમાં જ્ઞાનનું વર્તુળ પરિપૂર્ણ કરવા માગીએ છીએ. ક્રીપ્ટોવાયરમાં અમે માર્કેટના વિકાસ માટે પ્રેરક કામગીરી બજાવવાનો અભિગમ ધરાવીએ છીએ.